200 copy brown ink


શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

# ડો. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

મહિલા આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

Dr. VIRAMBHAI RAJABHAI GODHANIYA GIRLS' COLLEGE PORBANDAR

प्रज्वालितो ज्ञानमयः प्रदीपः

# જયોતિર્ગમય

## દ્વિમાસિક મુખપત્ર

To, ____________________

____________________

____________________

મુખ્ય સંપાદક : ડૉ. અનુપમ આર. નાગર

પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College,
Porbandar.

મુદ્રક : ''ગેલી પ્રિન્ટર્સ'' પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યુ.

વર્ષ : ૭-અંક:૫૦ ફેબ્રુ/માર્ચ-૨૦૧૭ (૯૦૯૯૯૭૮૧૨૭)


## ૧) શિક્ષણથી સમાજનો ઉત્કર્ષ થાય તેવું સાબિત કરનારા વિદ્યાપુરુષ ડૉ. વિરમભાઈ ગોઢાણિયા :-



શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલના પ્રમુખ શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ પોરબંદરના પ્રમુખ, સમાજશ્રેષ્ઠી અને ટોચના દાતા એવા વિદ્યાપુરુષ ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢ ાણિયાનો જન્મ ૦૬/૦૩/૧૯૪૨ના રોજ થયો. તેમણે ૬ વર્ષ સુધી નજીકની પ્રાથમિક શાળામાં અભ્યાસ કર્યો ત્યાર બાદ આફ્રિકાના કેન્યા ખાતે બાકીનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લઈ ઉચ્ચ શિક્ષણ માટે ભારત પરત આવ્યા. ઉચ્ચ શિક્ષણ વડોદરામાં લીધું. ૧૯૬૮માં એમ.બી.બી.એસ. ની પદવી મેળવી.

વિરમભાઈનું બાળપણનું જીવન સંઘર્ષ અને શ્રમનો પર્યાય હતું. તેઓના માનસમાં પહેલેથી સમાજ માટે કંઈક કરવાની ખેવના રહેલી હતી. જ્યારે વડોદરા ભણતા ત્યારે અવાર-નવાર પોરબંદર તથા આસ-પાસના ગામડાઓમાં રહેતા સમાજ સાથે જીવંત સંપર્ક રહેતો, તેઓએ જોયું કે સમાજના સ્થાનિક લોકોનું જીવનસ્તર પછાત હતું, અલ્પ શિક્ષણના કારણે જાગૃતિ, વિકાસ અને સંગઠનનો અભાવ જોવા મળ્યો સમાજમાં અનેક કુરિવાજો, આડંબરો અને વ્યસનો હતાં. તેમને એ બાબતની પૂર્ણ ખાતરી થઈ ગયેલી કે સમાજમાં ઉત્કર્ષ કરવો હશે તો એ માત્રને માત્ર શિક્ષણ થકી જ કરી શકાશે. તે સમયગાળામાં મહાત્મા ગાંધી, પંડિત નહેરુ અને સરદાર પટેલ જેવા મહાનુભાવો, રવિશંકર મહારાજ, વિનોબા ભાવે, બબલભાઈ મહેતા, દાદા ધર્માધિકારી તથા માવલંકર દાદાના જીવનચરિત્રોનો પ્રભાવ વધુ રહ્યો પરિણામે દેશ સેવા અને સમાજ સેવા કરવાની તેમની વૃત્તિને બળ મળ્યું છે. તેઓ વડોદરા અભ્યાસ કરતા ત્યારે પટેલ સમાજની શિક્ષણ વ્યવસ્થા અને જાગૃતિથી તેઓ ખુબ જ પ્રભાવિત બન્યાં. કંઈક આવું જ કરવાની મ્હેચ્છા ત્યારથી જાગૃત બની. ડૉ. વિરમભાઈના જાહેર જીવનનો પ્રારંભ કેન્યામાં થયો અને ૧૯૭૪માં કેન્યામાં મહેર સમાજની સ્થાપના કરી હતી તેના માધ્યમથી શૈક્ષણિક, સામાજીક અને ધાર્મિક પ્રવૃત્તિઓને વેગ મળ્યો. તેઓ હિન્દુ કાઉન્સિલના સભ્ય, લાયન્સ કલબના ઉપપ્રમુખ તરીકે સ્થાનિક શૈક્ષણિક સંસ્થાઓના ટ્રસ્ટી પદે રહ્યા. આમાથી સમાજના આગેવાનો અને કાર્યકરો સાથે મિત્રતા કેળવવા માટે ઘણું બધું શીખવા મળ્યું.

શિક્ષણ સિવાય સમાજનો ઉદ્ધાર નથી અને શિક્ષણ આવશે તો આપોઆપ સમાજનો ઉત્કર્ષ થશે. તેવી મનમાં દ્રઢ માન્યતા ધરાવનાર ડૉ. વિરમભાઈએ જાહેર જીવનમાં આવ્યા પછી તેઓએ પ્રાથમિક શિક્ષણને ટોચની અગ્રતા આપી. શિક્ષણનું સ્તર સુધારવું હોય તો તેનો પાયો મજબુત હોવો જોઈએ. તો તેની ઉપર ઈમારત ખડી કરી શકાય. આ પાયાના શિક્ષણને સુદ્રઢ કરવા મહેર સમાજના ગામડાઓમાં પ્રથમ તબક્કાઓમાં પ્રાથમિક/માધ્યમિક શાળાઓ ઉચ્ચ શિક્ષણની સુવિદ્યાઓ તથા સામાજીક હેતુ માટે સમાજ ભવનો નિર્માણ કરાવવામાં આવ્યા જેમાં વિસાવાડા, અડવાણા, ખાંભોદર, બગવદર, સીમર, ગરેજ વગેરે ગામોનો સમાવેશ થાય છે અને આ દરેક સંસ્થાઓમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ડૉ. વિરમભાઈએ અનુદાન આપેલ છે.

બીજા તબક્કામાં કન્યા કેળવણી પર ભાર મૂકવામાં આવ્યો. શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી અને પોરબંદબના પૂર્વ ધારાસભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા સમાજ શ્રેષ્ઠી શ્રી જેઠાભાઈ વિસાણા વગેરેની સાથે રહી ઉચ્ચ શિક્ષણિક સંકુલની સ્થાપના કરી ત્યારબાદ વિદ્યાર્થીભવનો, ગુણવતા યુકત શિક્ષણ માટે પોરબંદર ગ્રામ્ય પંથકમાં ગુજરાતી-અંગ્રેજી

માધ્યમની શાળાઓ તથા હોસ્ટેલની સ્થાપના કરી તથા કન્યા છાત્રાલયો અને ખાસ કરીને જુનાગઢ ખાતે કન્યા કેળવણી સ્કૂલની સ્થાપના કરી. જેમાં અનેક ગ્રામ્ય-શહેરી વિસ્તારમાં બનતા જ્ઞાતિભવનોમાં સહકાર અને આર્થિક સહયોગ આપ્યો.

ત્રીજા તબકકામાં અને ૧૯૯૯માં મહેર સમાજની સર્વોચ્ચ સંસ્થા તરીકે મહેર સુપ્રિમ કાઉન્સિલની રચના કરવામાં આવી. આ સંસ્થા મારફત સમાજની શિક્ષણ અને સામાજીક પ્રવૃત્તિને વેગ આપવામાં આવ્યો. સામજના કાર્યો માટે વિવિધ સમિતિઓ સમાજ ઉત્કર્ષ માટે સમાધાન સમિતિ, મહિલા મંડળ, યુવા મંડળની રચના કરવામાં આવી. પાયાના શિક્ષણને ઉજાગર કરવા ગ્રામ્ય વિસ્તારમાં શાળાઓ શરૂ કરવામાં આવી. આ મહેર સુપ્રિમના માધ્યમથી સમૂહલગ્નો, સમાધાન સમિતિ, સાંસ્કૃતિક કાર્યક્રમો, વાર્ષિક સમારહો, વાર્ષિક રમતોત્સવો, તેજસ્વી વિધાર્થીઓના સન્માનો જેવા સમાજ ઉત્કર્ષના અનેકવિધ કાર્યક્રમો યોજીને મહેર સુપ્રિમના માધ્યમથી મહેર સમાજની એક આગવી ઓળખ વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત કરી અને ભાઈચારાની ભાવના બળવત્તર બનાવી, 'જનની અને જન્મભૂમિ સ્વર્ગ કરતા પણ ચઢિયાતી છે.' એવી ઋચાઓ તેઓએ સાર્થક કરી ભાવિ યુવા પેઢી માટે પથદર્શક બન્યાં છે.

સન ૧૯૮૫માં જ્યાં સુધી પોરબંદરમાં ''જ્ઞાતિ બંધુઓ માટે વિસામાની વ્યવસ્થા નહી કરું ત્યાં સુધી માથે પાઘડી નહીં બાંધુ''ની પ્રતિજ્ઞા સાર્થક કરનાર પૂ. માલદેબાપુએ બંધાવેલ બોર્ડિંગમાં રૂા. ૫ લાખનું અનુદાન આપી દેશમાં દાન આપવાની શરૂઆત કરી. શ્રી માલદેબાપુએ ચિંધેલા ધર્મપથ પર ચાલવા તથા તેમણે પ્રગટાવેલી શિક્ષણની મશાલને વધુ તેજસ્વી બનાવવા ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ શિક્ષણનો મહાયજ્ઞ શરૂ કર્યો. આ શિક્ષણ અને સમાજ સેવાની પ્રજ્જવલિત થયેલી જ્યોત સમગ્ર પોરબંદર પંથક માં પ્રકાશ રેલાવી રહી છે. શિક્ષણ અને સમાજ સેવાની પ્રવૃતિને ધ્યાને લઇને તેઓને સાંદીપનિ આશ્રમના રાષ્ટ્રીય સંત પ.પૂ. શ્રી રમેશભાઈ ઓઝાનાં હસ્તે 'રાજશ્રી' એવોર્ડ અને મહેર સમાજ જ્ઞાતિ રત્ન એવોર્ડથી નવાજવામાં આવ્યા તે પોરબંદરના શિક્ષણ જગતમાટે ગૌરવ રૂપ છે.

નૈતૃત્વ નૈપુણ્ય : ડૉ. વિરમભાઈ તેમની વ્યાવસાયિક કારકિર્દી ઉપરાંત ભિન્ન ભિન્ન સામાજિક અને પારિવારિક મંડળો અન્વયે જે-જે જવાબદારી સ્વીકારી અને પોતાનો ફાળો આપ્યા. ત્યાં ત્યાં તેમણે હંમેશા પહેલ કરી નેતૃત્વ ધારણ કર્યું છે. નેતા તે છે જે સૌને નમે છે અને સાચી દિશામાં દોરે છે.' સૂત્રનો સ્વીકાર અને વિનિયોગ કરીને પોતાનું નેતૃત્વ વિકસાવ્યું છે. પ્રત્યેક સહકાર્યકર પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ દાખવી પ્રેરણા આપીને કામ લેવાની તેમની આવડત નોંધપાત્ર લેખાય છે.

મૂલ્યલક્ષી કાર્યપદ્ધતિ : પોરબંદરના પૂર્વ સાંસદ અને રાજયના પૂર્વ નાણાં મંત્રીશ્રી માલદેવજીભાઈ ઓડેદરાની પુત્રી જયશ્રીબહેન વિરમભાઈના જીવનસંગીની બન્યા અને આ શિક્ષણના વારસાગત સંસ્કારનું પ્રેરકબળ વિરમભાઈને મળ્યું. ગૃહસ્થાશ્રમ એક રથના બંને પૈંડા સરખા થવાથી ડૉ. વિરમભાઈ વૈચારિક ક્રાંતિના પ્રણેતા બન્યા.

શ્રી વિરમભાઈની વિપુલ સિદ્ધિ શ્રૃંખલામાં અને પ્રસિદ્ધિમાં કોઈ મહત્વની ક્ષમતા અને કૌશલ્યનો વિશેષ ફાળો હોય તો તે છે તેમની લાગણીભરી અભિવ્યક્તિ. તેમના વ્યક્તિત્વથી પ્રભાવિત થઇ સમાજ શ્રેષ્ઠીઓ તેમને આદર આપતા.

વ્યવસ્થાપન ક્ષમતા : નાનામાં નાનું અને મોટામાં મોટું કામ, આયોજન અમલ અને વ્યવસ્થાપન વિના અપેક્ષિત સફળતા પામતું નથી એ સિદ્ધાંતને શ્રી વિરમભાઈએ તેમના પ્રારંભિક જીવનથી જ અપનાવી લીધા છે. માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટના પ્રમુખ તરીકે ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલને અસરકારક અને અનોખી વ્યવસ્થાપન ક્ષમતા પ્રગટાવીને સેંકડો શિક્ષકો, અધ્યાપકો, કર્મચારીઓને મૂંઝવતી નાની-મોટી મૂંઝવણનો સુખદ્ ઉકેલ આણ્યો છે. (સંદર્ભ : આજકાલ તા. ૧-૩-૨૦૧૭)

## ૨) શુટેડ - બુટેડ છતાં ગાંધીવાદી વિચારોને આત્મસાત કરનાર ડૉ. વિરમભાઈ ગોઢાણિયા :-

પોરબંદર નજીકના ખાંભોદર ગામે જન્મીને આફ્રિકામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યા બાદ વિશ્વના અનેક દેશોનું ખેડાણ કરીને આપણા પંથકમાં શિક્ષણના સ્તરને ઉંચુ લાવવા દાયકાઓથી પ્રયત્નશીલ એવા ડૉ. વિરમભાઈ ગોઢાણિયા વિદેશમાં વસ્યા હોવા છતાં, ખરા અર્થમાં તેમણે ગાંધી-વિચારોને આત્મસાત કર્યા છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી હંમેશા કન્યા કેળવણી ઉપર ભાર મૂકીને કહેતા કે જયાં સુધી નારી શિક્ષીત નહી થાય, ત્યાં સુધી સમાજ પણ અભણ રહેશે અને તેથી તેમના આ વિચારને કેન્દ્ર સ્થાને રાખીને ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટની સ્થાપના કરીને સ્ત્રીશિક્ષણ ઉપર ભાર મૂક્યો હતો અને તેથી જ પ્રારંભના તબક્કે માલદેવજી ઓડેદરા મહીલા કોલેજના અને ત્યારબાદ ડૉ. વી.આર.જી.મહિલા કોલેજના માધ્યમથી આર્ટ્સ, કોમર્સ અને હોમસાયન્સ ફેકલ્ટી બાદ આઈ.ટી. સુધીની સફર અને કે.જી. થી પી.જી. સુધીની શિક્ષણ ક્ષેત્રની સિદ્ધિઓની સાથો સાથ ગ્રામ્યપંથકની વિદ્યાર્થીનીઓને સારૂ શિક્ષણ મળે તેની સાથો સાથ સ્થાનિક કક્ષાએ સારી રહેઠાણની સુવિધા મળે તે માટે હોસ્ટેલની સ્થાપના કરીને હજારો દીકરીઓને શ્રેષ્ઠ શિક્ષણ અને રહેવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવીને તેઓએ ગાંધીજીના કન્યાકેળવણીના વિચારને ખરા અર્થમાં આત્મસાત કર્યો હોય તેવું અનુભવાઈ રહ્યું છે અને તેથી જ ત્રણેક દાયકા પહેલા સ્ત્રીશિક્ષણ માટે વાવેલું બીજ અત્યારે ગોઢ ાણિયા શૈક્ષણિક સંકુલના રૂપે વટવૃક્ષમાં રૂપાંતરિત થઇને સારા ફળ આપી રહ્યું છે.

આઝાદીની લડત સમયથી સમાજમાં જાગૃતિનો અભાવ હતો અને તેથી જ કુરિવાજ અને અંધશ્રદ્ધાએ ચારેબાજુથી લોકોને ઘેરી લીધા હતા. સમાજમાં બદીઓનો અંત આવે અને નવાવિચારોનું સિંચન થાય તેવો ગાંધીજીનો હેતુ હતો. તેમના આ જ હેતુને ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ ચારેક દાયકા પહેલાથી જ કેન્દ્ર સ્થાને રાખીને મહેર સુપ્રિમ કાઉન્સિલના માધ્યમથી તેઓએ અનેકવિધ આયોજનો હાથ ધરીને તેમજ વિદેશથી મોટી માત્રામાં અનુદાન મેળવીને માત્ર પોરબંદર જ નહી ગુજરાતના કરવાની અનેક શહેરો અને ગામોમાં શૈક્ષણિક સંકુલોની સ્થાપના કરવાની સાથોસાથ વ્યસનો અન કુરિવાજો સામે જનજાગૃતિ અને સમાજમાં જ્ઞાતિ એકતા જળવાઈ રહે તે માટે લગ્ન, સમૂહલગ્ન, નવરાત્રી મહોત્સવ, રમત-ગમત સ્પર્ધાઓથી માંડીને મહેર સમાજના સ્નેહમિલન અને લોકો એક બને તે માટેના પ્રયત્નો અથાગ રીતે કર્યા છે અને તે આજે પણ ચાલુ છે.

ગામડામાં રહેલા લોકોનો જયાં સુધી વિકાસ નહીં થાય ત્યાં સુધી સમાજનો પૂરેપુરો વિકાસ શક્ય નથી. ગાંધીજીના આ વિચારને ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ પોતાનામાં ઉતાર્યો છે. તેમણે ખુદ્દે અનુભવ્યું હતું કે, ગ્રામ્યપંથકમાં શિક્ષણની પૂરતી સુવિધા નથી અને જો ગામડામાં પૂરેપુરી સુવિધા સાથેનું શિક્ષણ ઉપલબ્ધ નહી થાય તો છેવાડાના લોકોમાં શિક્ષણ પ્રત્યે લગાવ રહેશે નહી અને તેથી તેઓનું ઉત્થાન થશે નહી. તેથી આ વિચારને કેન્દ્રમાં રાખીને વિદેશમાંથી મળતા અનુદાનમાંથી ઘણીખરી રકમ ગ્રામ્યપંથકમાં શાળાઓના નિર્માણ માટે વાપરીને ગામડે ગામડે શિક્ષણની જયોતને લોકોમાં જગાડી હતી અને તેનું સીધું પરિણામ એ આવ્યું છે કે, ગામડાઓમાં શિક્ષણનો ફેલાવો વધ્યો છે તેથી ખેતી કરતા ખેડૂતપુત્રો પણ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરે છે અને સારી આવક મેળવે છે.

અંગ્રેજોની ગુલામીની બેડીમાંથી દેશને આઝાદ કરાવવા માટે સૌથી મહત્વનું યોગદાન મહાત્મા ગાંધીજીનું છે. માતૃભૂમિ પ્રત્યેના લાગવના કારણે જ તેઓએ જનસમાજમાં સફળ અને સબળ નેતૃત્વ પૂરૂં પાડયું હતું એવો જ માતૃભૂમિ પ્રત્યેનો લગાવ ડૉ. વિરમભાઈ ગોઢાણિયા ધરાવે છે અને શિક્ષણ પ્રત્યેના અભાવની ગુલામીમાંથી લોકોને મુક્ત કરતા માટેનું બીડું તેમણે ઝડપ્યું હતું અને વિદેશોમાંથી કરોડો રૂપિયાનું અનુદાન મેળવીને તેમજ પોતે પણ દાન આપીને માતૃભૂમિ પ્રત્યેનું ઋણ શિક્ષણ સંસ્થાઓના માધ્યમથી અદા કર્યું છે અને તેના મીઠા ફળ આજે પોરબંદર પંથકની શિક્ષણપ્રેમી જનતાને મળી રહ્યા છે.

ગાંધીજી હંમેશા કહેતા કે સાદગીભર્યું જીવન જીવવું જોઈએ પરંતુ વિચારો હંમેશા ઉંચા રાખવા જોઈએ. ભલે ડૉ. વિરમભાઈ ગોઢાણિયા ગાંધીજીની જેમ ખાદી કાયમને માટે પહેરતા નથી, વિદેશમાં વસ્યા હોવાથી સુટબુટમાં પણ હોય છે. પરંતુ તેમ છતાં તેમના ઉંચા વિચારો અને જીંદગીના સાડા સાત દાયકા થયા હોવા છતાં થાકયા વગર ઉંચા વિચારો અને ઉંચા સ્વપ્નોને જોઈ તેને સાકાર કરવા માટે સતત પ્રયત્નશીલ રહે છે અને તેથી જ પોરબંદરને આગામી સમયમાં એન્જીનીયરીંગ કોલેજથી માંડીને ડીમ્ડ યુનિવર્સિટી અપાવવા માટે તેઓ કટીબદ્ધ છે. ખૂબ જ ઉંચા અને ઉમદા વિચારો છતાં ધરતી ઉપર રહેવાની તેમની આવડત અને તેમનો સરળ અને નિખાલસ સ્વભાવ સ્વાભાવિક રીતે જ તેમને મળનારા લોકોને આકર્ષે છે.

ગાંધીજી હંમેશા માતૃભાષા શિક્ષણના હિમાયતી હતા અને બાળકને ઘરમાં તથા આજુબાજુના અને શાળાના વાતાવરણમાં માતૃભાષામાં જ વાતચીતથી માંડીને લેખન થતું હોવાથી તેનો શ્રેષ્ઠ વિકાસ માતૃભાષાથી જ થઇ શકશે તેવું કહેતા હતા અને તેથી જ આ વિચાર પણ ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ તેમનામાં આત્મસાત કરીને ઉતાર્યો છે. તેમણે આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું કે, ' અત્યારની સ્થિતિ જોતા માતૃભાષાના શિક્ષણથી વંચિત રહી જતી પેઢી ઘણુંખરૂં ગુમાવી રહી છે. અને તેના માઠા ફળ પણ ભોગવવા પડે નહિ તે માટે, આજના માવતરે અત્યારથી ચેતવું જરૂરી બની ગયું છે.' તેમના આ જ

શબ્દો માતૃભાષા પ્રત્યેનો તેમનો લગાવ અને લાગણી સહિત ઘણું બધું કહી જાય છે.

પોરબંદર સહિત સમગ્ર પંથકમાં શૈક્ષણિક, સામાજીક ઉત્કર્ષ માટે પોતાની જાતને સમર્પિત કરી દેનારા શિક્ષણપ્રેમી દાતા, શિક્ષણશાસ્ત્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયાને ગાંધીવાદી વિચારોના જાણકાર જ નહી પરંતુ આત્મસાત કરનાર પણ ચોક્કસપણે ગણાવી શકાય.

(સંદર્ભ આજકાલ તા. ૪-૩-૨૦૧૭)

## ૩) પોરબંદરમાં મેડીકલ-એન્જીનીયરીંગ સહિત ઉચ્ચ અભ્યાસની શ્રેષ્ઠ સુવિધા ઉપલબ્ધ થશે : ડૉ. વિરમભાઈ ગોઢાણિયા :

### ⋆ શિક્ષણ પ્રેમી દાતાએ પોતાના અમૃત મહોત્સવ નિમીત્તે ''આજકાલ'' સાથે કરેલી ખુલ્લા મને વાતચીત :-

પોરબંદરમાં છેલ્લા ત્રણેય દાયકાથી ગોઢાણિયા શૈક્ષીણક સંકુલના માધ્યમથી કે.જી. થી પી.જી. સુધીનું શ્રેષ્ઠ શિક્ષણ ઉપલબ્ધ કરાવનાર ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ તેમની આજકાલ સાથે મુલાકાતમાં જણાવ્યું કે, 'ભવિષ્યમાં પોરબંદરમાં જ અનેક નવી શૈક્ષણિક સુવિધાઓ સાથેના કોર્ષ શરૂ કરવાની તેમની નેમ છે. વોકેશનલ ટ્રેનિંગ કોર્ષો, નર્સિંગ, ડેરી સંશોધન અને ગોસંવર્ધન તથા કૃષિક્ષેત્રના કોર્ષ, મરીન એન્જીનીયરીંગને લગતા કોર્ષ, ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજ, એમ.એડ્., મેડીકલ કોલેજ સહિત ટેકનીકલ કોર્ષ અને ડીમ્ડ યુનિવર્સિટી વગેરે સ્થાપવાની મહત્ત્વકાંક્ષા હોવાનું જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, પોરબંદરના વિદ્યાર્થીઓને ઘર આંગણે ઉચ્ચ શિક્ષણ શ્રેષ્ઠ રીતે મળી રહે તે માટે તેમણે અનેક પ્રયત્નો હાથ ધર્યા છે.'

ગોઢાણિયા શૈક્ષણિક સંકુલનું નિર્માણ કરીને ત્રણ દાયકામાં અનેક પ્રકારની શિક્ષણની ઉચ્ચ સુવિધાઓ પોરબંદર સહિત સૌરાષ્ટ્રમાં પ્રાપ્ત કરાવનાર ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ જણાવ્યું હતું કે, ત્રણ દાયકા પહેલા પોરબંદર પંથકમાં શિક્ષણનું પ્રમાણ અને જાગૃતિ ખૂબ જ ઓછી હતી અને એ સમયે નારીશિક્ષણની મહત્વતા સમજીને એ અંગેની જનજાગૃત્તિ ફેલાવવાની સાથોસાથ ઉચ્ચ અભ્યાસક્રમો અને નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવા તરફ યોગ્ય દિશામાં આગેકૂચ કરવા માટે શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટની સ્થાપના કરીને આર્ટ્સ કોમર્સ અને હોમસાયન્સ કોલેજમાંથી આઈ.ટી. સુધીની સફર અત્યારે તો કે.જી. થી પી.જી. સુધી પહોંચી છે, જેમાં જે.વી. ગોઢાણિયા પ્રાથમિક વિદ્યાલય, જે.વી. ગોઢાણિયા હાઈસ્કૂલ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજ, ડૉ. વી. આર. ગોઢાણિયા ઈંગ્લીશ મીડીયમ સેલ્ફ ફાયનાન્સ કોલેજ, ડૉ. વી.આર. ગોઢાણિયા બી.એડ્., બી.બી.એ., બી.એસ.ડબલ્યુ કોલેજ, વી.આર.જી. ગોઢાણિયા એમ.એ. અને એમ.કોમ. (પી.જી. સેન્ટર) તથા ગોઢાણિયા મહિલા હોસ્ટેલ સહિતની અનેક ફેકલ્ટીઓમાં હજારોથી વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ઉચ્ચશિક્ષણ મેળવી રહ્યા છે. એટલું જ નહિ, પરંતુ શિક્ષણની વધુ ઉચ્ચ ક્ષિતિજો પોરબંદરમાં જ સર કરી શકાય તેવી અનેક સુવિધાઓ ભવિષ્યમાં ઉપલબ્ધ બનાવવા અંગે પણ ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ રણસંકાર કર્યો હતો.

### ⋆ ગામડામાં શૈક્ષણિક જાગૃત્તિ માટેના પ્રયાસ :-

ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ જણાવ્યુ હતું કે, એમનો જન્મ ખાંભોદર ગામ થયો હતો અને પિતા રાજાભાઈ આફ્રિકાની ખેતીવાડી કંપનીમાં સુપરવાઈઝર હતા. તેથી બાળપણ કેન્યાના આફ્રિકામાં વિત્યુ અને મોટાભાગનું પ્રાથમિક શિક્ષણ કેન્યાના નાનકડા ગામમાં લીધેલું અને માધ્યમિક શિક્ષણ કિસુમુ ખાતે મેળવ્યું. આથી પોતાને ગ્રામ્યપંથકમાં મેળવેલા શિક્ષણ સમયે અનેક જરૂરીયાતો જણાતી હોવાથી પોરબંદરના ગ્રામ્યપંથકના બાળકોને તેની ખામી વર્તાઈ નહીં તે માટે અત્યારસુધીમાં પોરબંદર અને વિદેશસ્થિત મહેરજ્ઞાતિના દાતાઓનો સહકાર લઇને કરોડો રૂપિયાના ખર્ચે અનેક પ્રાથમિક શાળાઓ, હાઈસ્કૂલો તથા જ્ઞાતિભવનો બંધાવ્યા છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, અડવાણા, બગવદર, ફટાણા, ખાંભોદર, પારાવાડા, કડછ, સીમર, વિસાવાડા, ગરેજ, ધંધુસર વગેરેમાં શિક્ષણની સુવિધાઓ ઉપરાંત, પોરબંદર, જામનગર, રાણાવાવ, છાંયા, અમદાવાદ, કુતિયાણા, વિસાવાડા, અડવાણા, બોખીરા અને જૂનાગઢ વગેરે ગામોમાં ખુબ જ સારી સુવિધા ધરાવતા અદ્યતન જ્ઞાતિભવનોના નિર્માણ માટે પણ આર્થિક અને અન્ય તમામ બાબતોનું યોગદાન મહત્વનું રહ્યું છે.

**★ માતૃભાષા પ્રત્યે ચિંતા અને ચિંતન જરૂરી :-**

તેમણે જણાવ્યું હતું કે, આજના સમયમાં અંગ્રેજી ભાષાના શિક્ષણનું મહત્વ વધ્યું છે, પરંતુ તેની સાથોસાથ માતૃભાષા ગુજરાતી પ્રત્યે ચિંતા અને ચિંતન જરૂરી છે. બાળકને ઘરમાં તથા આજુબાજુના વાતાવરણમાં માતૃભાષામાં જ વાતચીતથી માંડીને લેખન થતું હોવાથી તેનો વિકાસ માતૃભાષાથી જ થઇ શકશે.

**★ સંશોધન પર ભાર :**

આજનો આધુનિક જમાનો સંશોધનનો છે. સરકાર પણ શિક્ષણ માટેના સંશોધન અંગે કરોડો રૂપિયા ફાળવે છે, પરંતુ યુવાનોમાં સંશોધનવૃત્તિ ઘટતી જાય છે. તેની ચિંતા સેવીને ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ જણાવ્યું હતું કે, કોઇ પણ રાષ્ટ્રના વિકાસ માટે શિક્ષકો મહત્વનો ભાગ ભજવે છે પરંતુ એ જ શિક્ષકોમાં સંશોધનવૃત્તિનો અભાવ જોવા મળે છે. વિદેશમાં તો સંશોધનવૃત્તિ પાછળ યુવાનો પાગલ છે, જયારે આપણે ત્યાં તેનું પ્રમાણ ઓછું જોવા મળે છે. તેથી સંશોધનવૃત્તિ ઉપર ભાર અનિવાર્ય છે.

**★ રાષ્ટ્રવાદ જરૂરી :**

આજના સમયમાં રાષ્ટ્રીયતા અને રાષ્ટ્રવાદની વાતો થાય છે પરંતુ એવું જોવા મળે છે કે, માત્ર સોશ્યલ મીડીયામાં રાષ્ટ્રપ્રેમ વ્યકત થતો હોય છે. દરેક દેશની ક્રાંતિના પાયામાં રાષ્ટ્રવાદ છે તેમ જણાવીને તેમણે ઉમેર્યું હતું કે, યુવાનોમાં જો રાષ્ટ્રવાદની ભાવના જાગશે તો દેશને વિશ્વમાં સર્વોપરી બનતા કોઈ રોકી શકશે નહિ.

**★ ભાગ્યશાળી હોય તેને શિક્ષણનું ક્ષેત્ર મળે :**

પોતાની જાતને ભાગ્યશાળી ગણીને ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ જણાવ્યું હતું કે, નસીબદારના હાથમાં જ શક્ષિણનું ક્ષેત્ર આવે છે. શિક્ષકોએ પોતાની જાતને ક્યારેય નીચી ગણવી નહીં, પરંતુ તેમને મળેલ ગુરૂપદને ગૌરવ અને ગરિમાપૂર્વક ગણીને વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે દિવસ-રાત જોયા વગર સતત કાર્યરત રહેવું જોઈએ.

**★ વિદેશી સરખામણીમાં ઘણું કરવું જરૂરી :**

શિક્ષણના ક્ષેત્રમાં વિદેશમાં જે રીતે પ્રવૃત્તિ થાય છે. તેને જોતા આપણે ઘણું કરવાનું બાકી હોય તેવું અનુભવાઈ રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, પછાત દેશોમાં પણ શિક્ષણની સ્થિતિ ઘણી સારી છે ત્યારે બીજી બાજુ આપણે ત્યાં સુવિધાઓ સારામાં સારી ઉપલબ્ધ થતી હોવા છતાં શિક્ષણમાં ઘણી બધી ખામીઓ અને ત્રુટિઓને કારણે ધાર્યું પરિણામ પ્રાપ્ત થતું નથી. તેમણે જણાવ્યું હતું કે, પ્રાથમિક શિક્ષણથી જ પાયો મજબૂત કરવો અનિવાર્ય છે. કોલેજમાં પહોંચેલા વિદ્યાર્થીઓ પણ શુદ્ધ ભાષાશુદ્ધિથી લખાણ લખી શકતા નથી તે ખૂબ જ ચિંતાજનક બાબત છે તેમ કહીને ઉમેર્યું હતું કે શિક્ષકો નબળા પડશે તો સમાજ પણ નબળો થશે તેથી તે બાબતે ખાસ જાગૃત્તિ જરૂરી છે.

**★ ટીમવર્કથી મળી સફળતા :**

પોરબંદરમાં કમ્પ્યુટર શિક્ષણક્ષેત્રે પા... પા... પગલી મંડાતી હતી એવા સમયે આધુનિક કમ્પ્યુટર શિક્ષણની સુવિધાઓ શરૂ કરીને ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ જે સ્વપ્નશીલ સાહસનું નિર્માણ કર્યું હતું તેમાં સૌ કોઈનો સહકાર મળી રહ્યો હોવાનું જણાવી વધુમાં ઉમેર્યું હતું કે, તેમને ટીમ જોરદાર મળી છે અને ટ્રસ્ટીઓ સહિત શૈક્ષણિક સંસ્થામાં પ્રોફેસરો, પ્રિન્સિપાલો, શિક્ષકો, હોસ્ટેલ સ્ટાફ વગેરે સારા મળ્યા હોવાના કારણે તેઓના સહકારથી જ ગોઢાણિયા શૈક્ષણિક સંકુલ શિક્ષણની ઉચ્ચક્ષિતિજોને સર કરી શક્યું છે અને તેઓના માધ્યમથી જ પોતે સફળતાને હાંસલ કરી શક્યા હોવાનું ઉમેરી એકટીવ ટ્રસ્ટી ભરતભાઈ વિસાણા ૧૨ કલાકથી વધુ ફરજ બજાવતા હોવાનો ઉલ્લેખ કર્યો હતો. તે ઉપરાંત, અન્ય ટ્રસ્ટીઓનો પણ પૂરતો સહયોગ હોવાથી અને ‘‘હું નથી કરતો પણ અમે કરીએ છીએ’’ ના સૂત્રથી હંમેશા જમીન પર ચાલીએ છીએ, તેવી ભાવના સાથે ત્રણ દાયકા પહેલા કન્યા કેળવણી માટે વાવેલ ગોઢાણિયા શૈક્ષણિક સંકુલરૂપી બીજ અત્યારે ઘટાટોપ વૃક્ષમાં રૂપાંતરીત બન્યું

છે તેમ ઉમેર્યું હતું.

આમ, પોરબંદરમાં શિક્ષણક્ષેત્રે અનેરી જ્યોત પ્રગટાવનાર ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ તેમના અમૃતમહોત્સવ પર્વ વર્ષની ઉજવણી સમયે જુદા જુદા પાસાઓ ઉપર દિલ ખોલીને વાત કરી હતી. (સંદર્ભ : આજકાલ - તા. ૬/૩/૨૦૧૭)

## ૪) ડૉ. વિરમભાઈ ગોઢાણિયા મહિલા કોલેજમાં સોવેનિયર વિમોચન, ઈનામ, વિતરણ તથા સપ્તધારા પ્રદર્શન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો :-

સ્ત્રીશક્તિકરણ માટે ક્વોન્ટીટી નહીં ક્વોલીટી એજ્યુકેશન જરૂરી છે. આજનો યુગ વિજ્ઞાન ટેક્નોલોજીનો છે. આ યુગમાં આજની યુવાપેઢી સંશોધનાત્મક અભિગમ દાખવી આગળ વધશે તો આગામી સમયમાં શિક્ષણના જોરે ભારત વિશ્વમાં મહાસત્તા અવશ્ય બની શકે તેમ ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજના ઈનામ વિતરણ સમારોહમાં સંકુલના પ્રમુખ ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ ઉપરોક્ત મુજબનો સૂર રજુ કરીને વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, પોરબંદરમાં અઢી દાયકમાં કન્યા કેળવણીનો વ્યાપ વધારવામાં સફળ રહ્યા છીએ પરંતુ કમનસીબી એ છે કે અંગ્રેજી ભાષાની મહત્તા ઓછી આંકવામાં આવતી હોવાના કારણે છાત્રોનો વિકાસ રૂંધાય છે. ૨૯ વર્ષ પહેલા નાના રૂમમાં શરૂ થયેલી સશક્તિકરણ માટે ક્વોન્ટીટી એજ્યુકેશન નહીં, પણ ક્વોલીટી એજ્યુકેશન મળશે તો સ્ત્રી સમાજ મજબૂત બનશે.

પ્રારંભમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ. અનુપમ આર. નાગર સાહેબે આ સંકુલમાં ૨૧ જેટલા ડેવલપમેન્ટ અભ્યાસક્રમો ચાલી રહ્યા છે. તેની જાણકારી આપી. અંગ્રેજી, કમ્પ્યુટર, ડીઝાઈન, ટીચિંગ લર્નિંગ, હેલ્થ જેવા કાર્યક્રમો આપીને દીકરીઓના સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયાસો રહ્યા છે. કોલેજની ૩૩ સમિતિઓ દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગીણ વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. તેમણે ત્રણ દાયકાની શિક્ષણની વિકાસગાથા પ્રસ્તુત કરીને મહાનુભાવોને આવકાર્યા હતા.

ઈનામ વિતરણની સાથોસાથ દર વર્ષની જેમ આ વર્ષે પણ અધ્યાપકો દ્વારા લખાયેલા શિક્ષણની ગુણવતા સુધારણા અંતર્ગત રાષ્ટ્રવાદ થીમ આધારીત સોવેનીયર 'ખોજ'નું વિમોચન મહાનુભાવોના હસ્તે કરાયું હતું. જુદા જુદા અભ્યાસક્રમોમાં પ્રથમ ક્રમ મેળવનાર છાત્રોને ગોલ્ડ મેડલ એનાયત કરાયા હતા. છાત્ર-છાત્રાઓએ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. જેમાં મહિષાસૂર મર્દિની નૃત્ય, ક્લાસિકલ ફ્યૂઝન, મણિયારો, કરાટે ડેમો, તલવારબાજી, ગરબો, ગ્રુપ સોંગ, ઈંગ્લીશ મીડીયમ રોબોટીક્સ લાવણી યોગાનો સમાવેશ થાય છે. ચેતનભાઈ દવે લિખિત મહિલા સશક્તિકરણની થીમ આધારીત નાટક 'દીકરી' સૌનું ધ્યાનાકર્ષણ બન્યું હતું. આ તકે સપ્તધારા અંતર્ગત સાત શાખામાં વિદ્યાર્થિનીઓ દ્વારા પ્રદર્શન યોજાયું હતું. જેને પ્રમુખ ડૉ. વિરમભાઈ ગોઢાણિયાના હસ્તે ખુલ્લુ મુકાયુ હતું. આ પ્રદર્શનને સૌ છાત્રોએ નિહાળીને ધન્યતાની લાગણી અનુભવી હતી. કાર્યક્રમમાં ટ્રસ્ટી જયશ્રીબેન ગોઢાણિયા, ટ્રસ્ટી શાંતાબેન ઓડેદરા, ભરતભાઈ ઓડેદરા, એકટીવ ટ્રસ્ટી ભરતભાઈ વિસાણા, ડૉ. વી.આર. ગોઢાણિયા બી.એડ્. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એ.આર. ભરડા, આઈ.ટી. વિભાગના વડા ધવલભાઈ ખેર, બી.એસ ડબલ્યુ વિભાગના વડા રણમલભાઈ રાતિયા, ઉપાચાર્ય હરીભાઈ કગથરા સહિત કર્મચારી ગણ, શિક્ષકગણ અને છાત્ર-છાત્રાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સાંસ્કૃતિક સમિતિના સભ્યો ડૉ. ઈલાબહેન થાનકી, પ્રા. વર્ષાબેન જોષી, પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા, ડૉ. મુળજીભાઈ વાઘેલાએ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમનું સંચાલન કોલેજની વિદ્યાર્થીની લોઢારી ખુશ્બુ, ચરડવા કૃપા, ઓડેદરા પ્રિયા અને ગોહેલ કાજલ, જોષી ઋત્વીબહેન અને સૌમયા કિરણે સંભાળ્યું હતું. જયારે આભાર વિધી જોષી ઋત્વી અને સૌમયા કિરણે કરી હતી. કાર્યક્રમનું સંચાલન કલ્પનાબહેન જોષીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું.

## ૫) જાણીતા શિક્ષણશ્રેષ્ઠિ, રાજર્ષિ, નગરરત્ન અને દાનવીર ડૉ. વિરમભાઈ ગોઢાણિયાને ૭૫ વર્ષ પૂર્ણ થતા યોજાયેલ દ્વિદિવસીય અમૃતમહોત્સવ અભૂતપૂર્વ સફળતા સાથે સંપન્ન :-

પોરબંદર ખાતે ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલમાં સંસ્થાના પ્રમુખશ્રી, આંતરરાષ્ટ્રીય તબીબ, જાણીતા દાતા, શિક્ષણપ્રેમી અને સમાજસેવાના શિરોમણી એવા ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયાએ પોતાના જીવનના અમૂલ્ય ૭૫ વર્ષ પૂર્ણ કરીને ૭૬માં વર્ષમાં પ્રવેશ કરતા શૈક્ષણિક સંકુલના તમામ યુનિટ વતી નિમાયેલ અમૃતપર્વ અભિવાદન સમિતિ દ્વારા

અમૃતમહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જગવિખ્યાત ભાગવત્ કથાકાર પરમ પૂજ્યશ્રી રમેશભાઈ ઓઝા સાથે સંતો-મહંતો, શહેરના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, તમામ ટ્રસ્ટીગણ, શહેરીજનો, ગ્રામજનો, વિદ્યાર્થીગણ, વાલીગણ અને અનેક શુભેચ્છકોની ઉપસ્થિતિએ એટલી ભવ્યતા આપી કે એક દિવસ માટે યોજાયેલ કાર્યક્રમ બે દિવસનો કાર્યક્રમ બની ગયો.

રોશનીના ઝળહળાટ અને માનવ મહેરામણની વચ્ચે રંગેચંગે ઉજવાયેલા આ કાર્યક્રમનો પ્રારંભ સંકુલના પટાંગણમાં પરમ આદરણીય ડૉ. વિરમભાઈ ગોઢાણિયાના વરદ હસ્તે સંકુલના ધ્વજ સાથે થયેલ. ધ્વજારોહણ બાદ ૭૫ દીપમાળા, વેદમંત્રગાન પરેડ, સાંસ્કૃતિક નૃત્ય અને ગરબાની રમઝટ સાથે ડૉ. વિરમભાઈ અને શ્રીમતી જયશ્રીબહેનનું અભિવાદન કરી આવકારવામાં આવ્યા. ડૉક્ટર સાહેબ અને જયશ્રીબહેનના મંચ પર આગમન સમયે દીપમાલાના પવિત્ર દિવડાઓના ઝગમગાટથી વાતાવરણ જાણે તેજસ્વી તારલાઓની સાથે ટમટમી રહ્યું હોય તેવું લાગી રહ્યું હતું.

સંકુલના કાર્યકારી ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ત્યારબાદ મા સરસ્વતીને સન્મુખ દીપ પ્રાગટ્યની વિધિ અને ત્યારબાદ આદરણીય ડૉ. વિરમભાઈ અને નાની નાની બાળાઓના હસ્તે આનંદ-ઉત્સાહ સાથે કેક કટીંગ સેરેમનીએ વાતાવરણને જાણે મંત્રમુગ્ધ બનાવ્યું. પરમ પૂજ્ય ભાઈશ્રી (શ્રી રમેશભાઈ ઓઝા), અન્ય સંતો-મહંતો અને મહાનુભાવના હસ્તે ડૉ. વિરમભાઈ ગોઢાણિયાને પ્રશસ્તિપત્ર અર્પણ કરી સૌ કોઈએ શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રશસ્તિપત્રનું વાચન પ્રા. મુળજીભાઈ વાઘેલાએ કરેલ જેને સૌએ તાલીઓના ગડગડાથી વધાવી લીધેલ. આ તબક્કે ડૉક્ટર સાહેબને મળેલા સંતો-મહંતો અને વડીલોના આશીર્વાદપત્રો, મહાનુભાવો, પરિવારજનો અને શુભેચ્છકોના શુભેચ્છાપત્રો સાથે તેમની સંસ્થાઓની શૈક્ષણિક કાર્યવાહીઓની પ્રસ્તુતી સ્વરૂપે તૈયાર કરવામાં આવેલ 'અમૃતપર્વ અભિવાદન ગ્રંથ' નું વિમોચન ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવેલ હતું

આ પ્રસંગે સંત શિરોમણી, પરમ પૂજ્ય ભાઈશ્રીએ આશીર્વચનો પાઠવતા જણાવ્યું હતું કે, જે રીતે પંચામૃતનું આપણા સમાજ અને ધર્મમાં ખૂબ મહત્વ છે તેટલું જ મહત્વ શિક્ષણને મહત્વ આપનારા વ્યક્તિના અમૃતમહોત્સવનું પણ છે. માણસ વૃદ્ધ થાય તે તો કુદરતી વાત છે પરંતુ તે સમાજ માટે કેટલું યોગદાન કરે છે તે જ તેમના જીવનનું સાચું ફળ છે. ડૉ. વિરમભાઈએ જનજાગૃત્તિ ફેલાવી છે. તે સૌ માટે પ્રેરણારૂપ છે. ડૉ. વિરમભાઈએ પણ ઋણ સ્વીકાર કરતા ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે,

''આજે મારું આ સન્માન થયું છે તે સમગ્ર સંકુલનું સન્માન છે. સૌનો સ્નેહ અને પ્રેમ મને હંમેશા ઉર્જા આપે છે.''

વધુમાં તેમણે જ્ઞાનની ક્ષિતિજોનો વિસ્તાર કરવાની, સમાજમાં શૈક્ષણિક જાગૃતિ લાવવાની અને ઉચ્ચ શિક્ષણ અહીં પોરબંદરમાં જ પ્રાપ્ત થઇ શકે તેવી અનેક સુવિધાઓ ભવિષ્યમાં ઉપલબ્ધ કરાવવાની ખેવના વ્યક્ત કરી હતી. ડૉ. નાગરસાહેબના સ્વાગત પ્રવચન અને મંચસ્થ મહાનુભાવોના પ્રાસંગિક આશીર્વચનો સાથે ડૉ. વિરમભાઈને શુભેચ્છાઓ પાઠવી આવો અવસર ફરી ફરી પાછો આવે તેવી ઈશ્વરને વંદના કરી હતી.

ત્યારબાદ રજુ થયેલા સાંસ્કૃત્તિક કાર્યક્રમો વિશે વાત કરીએ તો શ્રીમતી જયશ્રીબહેનના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીગણે પ્રસ્તુત કરેલ ડૉ. વિરમભાઈના સમગ્ર જીવનકવનને વણી લેતા નાટ્ય-પ્રહસનની રજૂઆત કરી હતી. તેમાં ડૉ. સાહેબની જીવનગાથા સાથે તેમની સામાજિક-શૈક્ષણિક કાર્ય-પ્રવૃત્તિઓ, તેમની પ્રેરણાની સમાજ પર પડેલી સકારાત્મક અસરો, સ્ત્રીસશક્તિકરણની તેમની ભાવના, શિક્ષણના વિકાસની તેમની નેમ વગેરેનો પણ સમાવેશ કરવામાં આવેલ. તેમની બાળપણથી આજ સુધીની જીવનવિકાસગાથા, સંકુલના વિકાસના વિવિધ પાસાંઓને આવરી લેવા ઉપરાંત, પ્રગતિના પંથે આજે ફૂલીફાલીને ખીલેલા તથા ચારે તરફ મધમધતી સુગંધ પ્રસારિત કરતા આ શૈક્ષણિક સંકુલની સફળતા પાછળના આદરણીય ડૉ. વિરમભાઈના સંઘર્ષોને સમાજ સમક્ષ પ્રસ્તુત કરી ડૉ. સાહેબ અને સૌના દિલ જીતી લીધા હતા.

સંકુલના જુદાં-જુદાં વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલ કૃતિઓ દ્વારા જાણે ડૉ.સરની ભાવનાઓની કદર કરી તેમની પ્રેરણાઓને વાચા આપવામાં આવી. કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ અને કર્મચારી ગણે કરેલી ઉત્સાહ અને ઉમંગસભર રજૂઆતે કાર્યક્રમને ખૂબ જ રસપ્રદ અને સફળ બનાવ્યો.

અમૃતપર્વ અભિવાદન સમિતિ દ્વારા આયોજિત આ કાર્યક્રમને એટલો અભૂતપૂર્વ પ્રતિસાદ અને આવકાર મળ્યો કે આ કાર્યક્રમને બીજા દિવસે પણ લંબાવવામાં આવ્યો જે એક વિરલ અને અવિસ્મરણીય ઘટના બની રહેશે.

નાનાં છોકરાઓ રડીને બીજા પાસેથી વસ્તુ મેળવે છે. જ્યારે મોટાં માણસો બીજાને રડાવીને મેળવે છે.

બીજા દિવસે શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયાએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં આદરણીય ડૉ. વિરમભાઈને શુભકામનાઓ પાઠવી તેનું અભિવાદન કરવા ઉપરાંત તેમના પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરતા જણાવ્યું હતું,

''તેઓ ખૂબ જ વિચારશીલ છે અને પોતાના વિચારોને ખૂબ જ જતનપૂર્વક અનુસરે છે અને તેમાંયે સારી અને અનુકરણીય બાબત એ છે કે તેમના વિચારો ખૂબ જ સકારાત્મક હોય છે. એટલું જ નહી તેના વિચારો પોતાના કરતા વધારે સમાજના વિકાસ માટે હોય છે. તેમને કામ કરવામાં કોઈ પહોંચી શકે તેમ નથી. તેમની કાર્યનિષ્ઠા અને લાગણીશીલતા એ એમના સ્વભાવ છે.

આ પ્રસંગ એક ઐતિહાસિક અને યાદગાર પ્રસંગ બની રહેશે. તેમને બધા જ સંતો-મહંતો, નાગરિકો અને વિદ્યાર્થિનીઓએ ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા છે. તે માટે તેમનો પણ આભાર વ્યક્ત કરીશ. તમે સૌ સહકાર આપના રહેશો અને તેમના કાર્યને વધુને વધુ સફળ બનાવતા રહેશો તેવી અપેક્ષા છે.''

ત્યારબાદ કાર્યક્રમના અંતે ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ પોતાના પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, ''શરૂઆતથી જ મને સહકાર અને સત્કાર મળ્યો ત્યારે જ હું ભાવ-વિભોર બન્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન મારો હર્ષ, આનંદ હૃદયમાં સમાતો ન હતો. સમાજે, આ શહેરે, મિત્રોએ મને ખૂબ જ આપ્યું છે. આ પ્રસંગ પારિવારિક ભાવથી ઉજવાયો છે. હું તો માત્ર માધ્યમ બન્યો છું પણ ખરેખર તો આ સન્માન આપણી સંસ્થાનું સન્માન છે. સમાજને વધુને વધુ જ્ઞાનલક્ષી બનાવવાનું મારું સ્વપ્ન છે. એને સાકાર કરવા સતત કાર્ય કરતા રહેવાની હૈયાધારણા આપી સર્વે સંકુલના સ્ટાફમિત્રોને કાર્યક્રમનું આયોજન કરવા બદલ બિરદાવું છું''

મેનેજિંગ ટ્રસ્ટીશ્રી, શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંસ્થાના પાયાના ધરોહરોને યાદ કર્યા હતા. સંસ્થાના પ્રગતિના સોપાનો સર કરતી ગઇ તે અંગેની માહિતી આપતા પોતાના વિચારો પણ રજૂ કર્યા હતા.

પ્રથમ દિવસના સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. જાનકી કોટેચા અને પ્રા. મિતલ જેઠવાએ કરેલ. સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીનીઓ કુ. ખુશ્બુ લોઢારી અને કુ. હેત્વી ડોડીયાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા, તમામ વિભાગના અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકો, શિક્ષકગણ, વિદ્યાર્થીગણ તથા અમૃતપર્વ અભિવાદન સમિતિએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી તથા સૌને મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગર સાહેબ, વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબ, બી.એડ્. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એ.આર. ભરડા સાહેબ, કાર્યકારી ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાનું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

કાર્યક્રમ માટે ખૂબ જ સુંદર રીતે શણગારવામાં આવેલ સમગ્ર સંકુલ તેમજ સ્ટેજ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા. ઉપરાંત પ્રથમ દિવસના નિયત કાર્યક્રમનું જીટીપીએલ પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યું. તો બીજી તરફ આજકાલ દૈનિકે આ સમગ્ર કાર્યક્રમને એક વિશેષ સન્માન સાથે બે પૂરા કદના પૃષ્ઠમાં આવરી લીધેલ. તેમનો આ તકે ડૉ. વિરમભાઈએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરેલ.

## ૬) C.C.D.C./C.C.P.C. અંતર્ગત થયેલ પ્રવૃત્તિઓ :-

★ તા. ૧૬/૦૨/૨૦૧૭ ના રોજ, બિરલા સનલાઈફ ઈન્શ્યોરન્સ કંપની દ્વારા સેમ-૬ની વિદ્યાર્થિનીઓ માટે કેમ્પસ ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ. આ કાર્યક્રમને બે ભાગમાં વિભાજીત કરવામાં આવેલ.

**પ્રથમ ભાગ :-**

★ તા. ૦૯/૦૨/૨૦૧૭, written test રાખવામાં આવેલ. આ ટેસ્ટના મેરિટના આધારે પ્રથમ ૨૦ વિદ્યાર્થિની બહેનોને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવેલ.

**દ્વિતીય ભાગ :-**

★ તા. ૧૬/૦૨/૨૦૧૭ - ૩૫ બહેનોના ઈન્ટરવ્યુ લેવામાં આવેલ. તેમાંની ૫ બહેનોને પસંદ કરવામાં આવેલ.

★ તા. ૦૩/૦૩/૨૦૧૭ ના રોજ, પારૂલ યુનિવર્સિટીના આસિસ્ટન્ટ, પ્રો. તુષાર પ્રધાન અને ચિંતન પ્રજાપતિ દ્વારા B.Com. IT ની વિદ્યાર્થિની બહેનોનું કાઉન્સેલીંગ કરવામાં આવેલ. જેમાં ઉજજવળ ભવિષ્ય માટે આગળના કોર્ષની પસંદગી કેવી રીતે કરવી તે અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## ૭) સ્વામી વિવેકાનંદ કેન્દ્ર :-

★ સ્વામી વિવેકાનંદ કેન્દ્ર કન્યાકુમારી દ્વારા આયોજિત લેખીત પરિક્ષામાં કોલેજની ૬ વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો.

★ તા. ૦૨/૦૪/૨૦૧૭ના રોજ, કોલેજ કેમ્પસમાં વિદ્યાર્થીઓ માટે એક શિબિરનું આયોજન થયેલ. જેમાં શહેરના લગભગ ૧૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

## ૮) યુથરેડક્રોસ સોસાયટી :-

★ તા. ૨૭/૦૨/૨૦૧૭ ના રોજ, હેલ્થ સેન્ટરની મુલાકાત અને ફેમીલી પ્લાનીંગ અંગેના કાઉન્સેલીંગનું આયોજન કરવામાં આવેલ.

## ૯) કમ્પ્યુટર વિભાગની પ્રવૃત્તિઓ :-

★ તા. ૨૭/૦૨/૨૦૧૭ ના રોજ, પી.પી.ટી. પ્રેઝન્ટેશન સ્પર્ધા ''વિજ્ઞાન અને ટેકનોલોજી ખાસ વિકલાંગ વ્યક્તિઓ માટે'' આ થીમ પર આશરે ૧૨ વિદ્યાર્થિનીઓએ પ્રેઝન્ટેશન રજૂ કરેલ. જેમાં પ્રથમ ક્રમાંક બામણીયા ડિમ્પલ આર. અને ભોગાયતા માનસી એ. (બી.કોમ. સેમ-૪) ની વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલ. જેમાં નિર્ણાયક તરીકે પ્રા. કલ્પનાબહેન જોષીએ પોતાની ફરજ બજાવેલ.

★ તા. ૨૮/૦૨/૨૦૧૭ ના રોજ, ''વિજ્ઞાન અને ટેકનોલોજી ખાસ વિકલાંગ વ્યક્તિઓ માટે'' આ થીમ પર આધારીત ૨૦ ચાર્ટનું પ્રદર્શન રાખવામાં આવેલ. આ ચાર્ટ પ્રદર્શન જુદા-જુદા ટોપીક પર આધારીત હતું. જેમાં પ્રથમ ટોપીક અંતર્ગત ''વિકલાંગો માટે સરકારી યુગની સુવિધાઓ ઉપલબ્ધ છે.'' જેમાં પ્રથમ ક્રમાંક (૧) બામણીયા ડિમ્પલ અને (૨) છાયા ઉર્વશી કે. (બી.કોમ. સેમ-૪) વિદ્યાર્થિનીઓએ મેળવેલ હતા. દ્વિતીય ટોપીક ''વિકલાંગોની સરકારી યોજનાઓની યાદી'' અંતર્ગત બીજો ક્રમાંક (૧) કોરીયા દિવ્યા ડી. (બી.કોમ. સેમ-૬) ની વિદ્યાર્થિનીએ મેળવેલ તેમજ તૃતીય ટોપીક ''વિકલાંગોને લાભદાયક એન્ડોઈડ એપ્સ'' અંતર્ગત ત્રીજો ક્રમાંક (૧) ઓડેદરા નાથી એલ. (બી.કોમ. સેમ-૨)ની વિદ્યાર્થિનીઓએ મેળવેલ હતા.

નિર્ણાયક :- પ્રા. મિતલબહેન જેઠવા તેમજ પ્રા. ચાંદનીબહેન શીંગડીયા

## ૧૦) સપ્તધારા અંતર્ગત પ્રવૃત્તિઓ :-

★ **નાટયધારા :-**
તા. ૧૭/૦૧/૨૦૧૭ - On the spot performance
તા. ૨૪/૦૧/૨૦૧૭ - પ્રજાસત્તાકદિવસની ઉજવણી 'ગાંધી' અને 'સરદાર' મુવી ક્લિપ્સ
તા. ૧૧/૦૨/૨૦૧૭ - સપ્તધારા પ્રદર્શન
તા. ૨૧/૦૨/૨૦૧૭ - અંતાક્ષરી (Audiovisual - સંકલન - પ્રા. જાનકીબહેન)

★ **ગીત-સંગીત નૃત્ય ધારા :-**
તા. ૦૩/૦૨/૨૦૧૭ - સૂરસંગીત અંતાક્ષરી
તા. ૧૧/૦૨/૨૦૧૭ - સપ્તધારા પ્રદર્શન

★ **રંગકલા કૌશલ્ય ધારા :-**
તા. ૦૪/૦૧/૨૦૧૭ - ડ્રોઈંગ કોમ્પીટીશન અને ઓન ધ સ્પોટ ડ્રોઈંગ વર્કશોપ
તા. ૧૮/૦૧/૨૦૧૭ - મહેંદી અને સ્લોગન રાઈટીંગ વર્કશોપ
તા. ૨૫/૦૨/૨૦૧૭ - રંગકલા કૌશલ્ય ધારાનું ભાવિ માર્ગદર્શન

★ **સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા :-**

તા. ૧/૦૨/૨૦૧૭ - લેખન સ્પર્ધા - પ્રથમ : ઓડેદરા કિરણ બી.

તા. ૮/૦૨/૨૦૧૭ - શબ્દપદ પૂર્તિ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં ૫૦ વિદ્યાર્થીની બહેનોએ ભાગ લીધેલ.

તા. ૧૫/૦૨/૨૦૧૭ - પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપવામાં આવેલ.

તા. ૨૨/૦૨/૨૦૧૭ - કાવ્યલેખન વિશે માર્ગદર્શન આપવામાં આવેલ.

★ **જ્ઞાનધારા :-**

તા. ૩/૦૧/૨૦૧૭ - શ્રી ચેતનભાઈ દવે દ્વારા (દ્વિગ્દર્શીત નાટકનું રિહર્સલ)

તા. ૧૧/૦૨/૨૦૧૭ - ચાર્ટ પ્રદર્શન તેમજ ઈનામ વિતરણ કાર્યક્રમ

તા. ૧૪/૦૨/૨૦૧૭ - ડૉ. કેતનભાઈ શાહ તથા ડૉ. કિર્તીબહેન જાની દ્વારા અંધશ્રદ્ધા અને તેની વૈજ્ઞાનિક સમજૂતીઓ અંગે માર્ગદર્શન.

તા. ૨૮/૦૨/૨૦૧૭ - આરોગ્ય સંબંધી માહિતી આપવામાં આવેલ.

## ૧૧) અભ્યાસ વર્તુળ અંતર્ગત પ્રવૃત્તિઓ :-

★ **ગુજરાતી અભ્યાસ વર્તુળ :-**

તા. ૨૧/૦૨/૨૦૧૭ ના રોજ, 'માતૃભાષા' દિવસની ઉજવણી અંતર્ગત કરવામાં આવેલ પ્રવૃત્તિઓ :-

(૧) સમૂહ પ્રાર્થનામાં બે વિદ્યાર્થિનીઓએ માતૃભાષા વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

(૨) નિબંધ સ્પર્ધા - પ્રથમ તેરૈયા નિશા આર., દ્વિતીય - પરમાર પાયલ કે., તૃતીય - ઓડેદરા મનિષા બી.

(૩) ચિત્ર સ્પર્ધા - પ્રથમ : ઓડેદરા મનિષા બી., દ્વિતીય : ગોહેલ ઉજાલી આર., તૃતીય : પરમાર પાયલ કે.

(૪) કાવ્યપઠન સ્પર્ધા - પ્રથમ : મોતીવરસ નિશા એમ., દ્વિતીય : મુલચંદાણી નિશા ટી., તૃતીય : જુંગી ધર્મિષ્ઠા જી.

નિર્ણાયકશ્રી : પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા.

★ **સંસ્કૃત અભ્યાસ વર્તુળ :-**

તા. ૨૦/૦૨/૨૦૧૭ ના રોજ, **यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता ।** વિષય પર સેમ-૬ની વિદ્યાર્થિની ઓડેદરા નિશાએ સંસ્કૃતભાષામાં પોતાનું વકતવ્ય પ્રાર્થનાસભામાં આપેલ.

★ **અર્થશાસ્ત્ર અભ્યાસ વર્તુળ :-**

તા. ૧૫/૦૨/૨૦૧૭ ના રોજ, C.C.P.C. ની મુલાકાત. C.C.P.C. ના કો-ઓર્ડિનેટર શિતલબહેન થાનકી દ્વારા રોજગાર, અંગેની તેમજ ૨૧ મી સદીમાં સ્પર્ધાત્મક બજારમાં ટકવા માટે વિદ્યાર્થિનીઓએ કઈ રીતે તૈયારી કરવી જોઈએ તે અંગેની રસપ્રદ માહિતી આપવામાં આવેલ.

તા. ૧૦/૦૩/૨૦૧૭ ના રોજ વનાણા મુકામે આવેલ ઉદ્યોગનગરમાં સ્ક્રેબલ પ્લાસ્ટિક યુનિટની મુલાકાત યોજવામાં આવેલ. જેમાં પોરબંદરના પ્રતિષ્ઠિત વેપારી શ્રી પદુભાઈ રાયચુરાએ પ્લાસ્ટિક એકમના ઉત્પાદન અંગેની ખૂબ ઉંડાણપૂર્વક માહિતી આપેલ. ડૉ. ઈલાબહેન થાનકી, ડૉ. ભાવનાબહેન કેશવાલા, પ્રા. પ્રણાલીબહેન જોષી દ્વારા આ આયોજન કરવામાં આવેલ.

★ **સમાજશાસ્ત્ર અભ્યાસ વર્તુળ :-**

(૧) તા. ૨૩/૦૨/૨૦૧૭ ના રોજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજિત 'ખાદી ફોર નેશન-ખાદી ફોર ફેશન' અંતર્ગત 'વકતૃત્વ સ્પધા' નું આયોજન કરાયું. જેમાં ૧૧ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો.

વિજેતાઓ : (૧) ઓડેદરા પુજા એમ. (S.Y.B.Com. (EM)), (૨) પરમાર પાયલ કે. (S.Y.B.A.), (૩) ઓડેદરા મંજુ આર. (T.Y.B.Com. (GM))

નિર્ણાયકશ્રી : (૧) પ્રા. પુજા આચાર્ય, (૨) પ્રા. ચાંદની શીંગડીયા

(૨) તા. ૦૮/૦૩/૨૦૧૭ ના રોજ, 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' ની ઉજવણીના ભાગરૂપે એક 'કાનૂની શિક્ષણ શિબિર' નું આયોજન કરવામાં આવ્યુ. જેમાં નીચેના વકતાઓએ વકતવ્ય આવ્યું.

(૧) પારાલીગલ વોલન્ટીયર - શ્રી દિપ્તીબહેન લાખાણી - મહિલા અધિકાર

(૨) પારાલીગલ વોલન્ટીયર - શ્રી શ્વેતાબહેન વિઠલાણી - મહિલા સશકિતકરણ

(૩) પારાલીગલ વોલન્ટીયર - શ્રી નિધીબહેન રાયચુરા - રેફ્યુજી લો - રેખાબેન મોઢા

★ **કોમર્સ (અંગ્રેજી માધ્યમ) અભ્યાસ વર્તુળ :-**

**18-2-2017** :- Antakshri competition

Around 75 students participated in it in the group of 5 each. It was organized by Prof. Vipul Dasani. It is judged by Prof. Janki Kotecha & Prof. Mital Jethwa.

winner team :- Ayushi Madlani, Pooja Solanki, Prathistha Renuka, Dharti Khikhari of sem-6

**22-2-2017** :- Dr. Nagar sir's visit to B.Com. Sem-4 (Eng. Med.)

Dr. Nagar sir shared his time with the students of B.Com. Sem-4. He spent 15 Minute and gave his inspiring speech to the students. He emphasized on hard work and sincerity in his speech.

**25-2-2017** :- General Quiz Competition

General Quiz Competition was held under the study circle activity. Around 12 students participated in it. It was co-ordinated by Prof. Mukul Gandhi and Prof. Pooja Acharya.
Winner Team :- Team 2 Savjani Janvi, Koriya Bansi, Nandha Riddhi of Sem-4

**4-3-2017** :- Visit to a Bakery

30 Students of B.Com. Sem.-6 (E.M.) were taken to a visit at bakery, "BEST BAKERS" GIDC, Porbandar which is a sole proprietorship firm (Rameshbhai - Owner). Rameshbhai shared his experience & also showed them the complete process of manufacturing Bread & other bakery items. He also gave an idea on how the cost per unit is calculated & added that it is the only bakery in Porbandar which is a Live Bakery.

**8-3-2017** :- Farewell students of Sem-6

A farewell was given to the students of the final year by their juniors. it was arranged in central hall from 8:00am to 11:00am. The students played many games and also performed a drama and then Tiffin party was enjoyed by all.

## ૧૨) ટીચર્સ કોર્નર :–

Commerce is nothing but the profitable exchange of things - be it products or ideas - the physical and non-physical things. let's learn the fundas of commerce and create an environment, where in all of us are in 'WIN-WIN' situation.

-Vipul Dasani (Dep. of Commerce -EM)

''સમય ત્યારે જ સાથ આપે જ્યારે સમય સાથે ચાલીયે, નસીબ ત્યારે સાથ આપે જ્યારે મહેનત કરીએ અને સફળતા ત્યારે જ મળે જ્યારે સમય, નસીબ અને મહેનત ત્રણેય સાથે મળે.''

– પ્રા. ભરતસિંહ ડોડીયા (કોમર્સ વિભાગ – ગુજરાતી માધ્યમ)

In life, NO ONE and NOTHING will help you untill you start helping YOURSELF. Don't feel sad because you are different from others. Every unique skill and talent has the potential to make you successful. Embrace your personality and unchain your inner strength. Don't forget -

that one thing all successful people have in common is that they were different than everyone around them. Do your work with the confidence; chose hard work and reach your goal; life is not always the same; ups and downs are there.

- Dr. Rushi s. Pandya

**26 Letters of English alphabet are so intelligently arranged...**

They show you the way of life...

"A"lways "B"e "C"ool. "D"on't have "E"go with "F"riends and family. "G"iveup "H"urting "I"ndividuals. "J"ust "K"eep "L"oving "M"akind. "N"ever "O"mit "P"rayers. "Q"uietly "R"emember god. "S"peak "T"ruth. "U"se "V"alid "W"ords.

- Prof. Jethwa Mital

**Seven Social sins are**

Wealth without work,
Pleasure without conscience,
Knowledge without character,
Commerce without morality,
Science without humanity,
Worship without sacrifice,
Politics without principle.

- Prof. Kotecha Janki

**Law of Karma**

Karma is simply the extension of Newton's law. Instead of dealing merely with insert object, it applies to our actions, words and thoughts. We can understand the mechanism of these laws in detail from the vedic scriptures understanding karma begins with understanding the condition of spirit soul in the material world. 'Karma' literally means "dead" or "act" and more broadly names the universal principle of cause and effect, action and reaction.

- Kalpna Joshi

## ૧૩) વર્ષગાંઠ અભિનંદન :-

પ્રસ્તુત અંકમાં એપ્રિલ-મે-જૂન-જુલાઈ ૨૦૧૭માં જેમની વર્ષગાંઠ આવી રહી છે. તેમને વર્ષગાંઠની શુભેચ્છાઓ પાઠવતા 'જ્યોતિર્ગમય'ની ટીમ અત્યંત આનંદ અનુભવે છે.

એપ્રિલ - ૨૦૧૭
તા. ૫ એપ્રિલ - ડૉ. મૂળજીભાઈ વાઘેલા
તા. ૩ એપ્રિલ - શ્રી ધીરૂભાઈ ધોકિયા
તા. ૮ એપ્રિલ - ડૉ. જયશ્રીબહેન પરમાર

મે - ૨૦૧૭
તા. ૧૨ મે - ડૉ. કેતનભાઈ શાહ
તા. ૧ મે - શ્રી કલ્પનાબેન જોષી

જુન - ૨૦૧૭
તા. ૧ જુન - પ્રા. ભરતભાઈ ડોડીયા

જુલાઈ - ૨૦૧૭
તા. ૨૪ જુલાઈ - આદરણીય ટ્રસ્ટી શ્રી ભારતભાઈ ઓડેદરા

તા. ૧૫ જુન - શ્રી ભાસ્કરભાઈ જાની
તા. ૦૯ જુન - શ્રી યોગેશભાઈ જોષી
તા. ૧૦ જુન - શ્રી સુરેશભાઈ ગોરસિયા
તા. ૦૧ જુન - શ્રી વાનાભાઈ પરમાર
તા. ૨૫ જુન - પ્રા. ગઢવાણા મોનિકા જે.
તા. ૧૨ જુન - પ્રા. શીંગડીયા ચાંદની જે.
તા. ૨૨ જુલાઈ - આદરણીય ટ્રસ્ટી શ્રી ભારતભાઈ વિસાણા
તા. ૧૮ જુલાઈ - ડૉ. સુલભાબેન દેવપુરકર
તા. ૫ જુલાઈ - પ્રા. નાથીબહેન રાજશાખા
તા. ૧૯ જુલાઈ - પ્રા. શૈલેશભાઈ મહેતા
તા. ૨૦ જુલાઈ - શ્રી મુકુલભાઈ ગોકુલગાંધી

## ૧૪) પ્રિન્સિપાલશ્રીની કલમે :-

### (Special Note on Dr. Virambhai R. Godhania)

**THE IDEA :**

At the very outset, all of us need to congratulate Dr. Virambhai R. Godhania and his team of Trustees to have **contemplated** upon the idea of a "women's institute" and to have realized it in this geographically remote domain of Porbandar. Given the environment prevailing in the region, not many philanthropists would have thought of investing money in an area that would not reap 'happy' dividends in the long run.
However, Dr. Godhania took the risk for a national cause i.e., for the social-educational upliftment of girls coming from the rural areas of the district. And therefore this becomes a pioneering effort and all concerned need to salute Dr.Godhania as *a maker of destiny*. The students of this region thus had an option, a platform, an avenue that provided **access** (for the rural sector), **equity** (admission irrespective of caste, creed, race, region or religion) and **quality** (for the parameters of knowledge). The Institute, since then, has moved ahead and has addressed the vision-mission statement of *ennobling the heart and uplifting the mind of every individual to new vistas of learning and teaching* of Dr. Godhania and his team.

**THE OBJECTIVES :**

(1) **ACCESS** :
Dr. Godhania, a doctor by profession, with loads and loads of international experience after having worked in Africa and the United Kingdom knew it from the start that education in the context of Saurashtra and Porbandar in particular, needs to **reach out** to the most interior of regions, the remotest of villages and the poorest of the poor. And accordingly, the Institute adopted a policy of first-cum-first-serve and ensured that every student whosoever came to the College easily found admission.

(2) **EQUITY :**
Dr. Godhania's next objective was to ensure that no form of **discrimination** took root in the process of addressing the larger objective of women's education. As a native of this region, Dr. Godhania, knew it well-enough that education could yield national-level dividends only when the Institute adopted a **zero-level tolerance** at the admission level to guarantee free and fair education to one and all. Thus, right from its inception, Dr. Godhania took special care to see that none was deprived of education.

(3) **QUALITY :**
Most appropriately, Dr. Godhania, after having adopted the twin goals of **access** and

**equity**, envisioned that under no circumstances should we compromise on quality. For, in the absence of a model college in Porbandar, new standards had to be set, the staff, the students, the parents, the elders of the society - all had to be taken into confidence. Hence, right from the beginning, the core goal of effecting teaching and learning was implemented both in precept and practice.

**OUTCOMES (1988-2017):**

Thus, Dr. Godhania, through his eleven educational units, has succeeded to a large degree in instilling among the students a sense of cultural identity. And in the process has brought the **rural and the urban** together - uniting and merging the two facets of life. Furthermore, the multi-faculty environment of the Institute has opened up new frontiers of pluri-disciplinarity and multi-disciplinary for the outgoing students. In addition, the Institute has today become synonymous with quality education. Not many Institutes in Gujarat or India for that matter have so zealously pursued the cause of women-empowerment. Dr. Godhania's contribution to the cause of rural women's education is pioneering in the sense that it has successfully connected the traditional with the modern; the village with the town and the periphery with the center.

## ૧૫) તંત્રીસ્થાનેથી

જેમ એકાદ નાના અમસ્તા બીજમાં વટવૃક્ષ સમાયેલું છે.તેમ ચરાચર જગત રામરૂપી બીજમાં સ્થિત છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણેય મૂર્તિઓ રામના 'ર' કારમાં આરૂઢ છે તથા ઉત્પત્તિ, પાલન અને સંહારની ત્રિવિધ શકિતઓ, ત્યાં 'મ' કારના રૂપમાં આવે છે. તેથી તે રામ કહેવાય છે. આ રામનામનો મહિમા અપાર છે. સંતોએ, મહાત્માઓએ તે ખુબ ગાયો છે. જો અંતઃકરણથી તેનો જાપ કરવામાં આવે તો આ બે અક્ષરના નાનકડા શબ્દમાં ભવસાગર પાર કરવાનું સામર્થ્ય છે. ભગવાન રામનો જન્મોત્સવ મનાવતી વખતે રામમાં તદ્દરૂપ થઈને તેના જીવનનું રહસ્ય સમજીને **रामो भूत्वा रामं यजेत्** થવાનું છે.

-પ્રા. વર્ષા બી. જોષી




**મુખ્ય સંપાદક : ડૉ. અનુપમ આર. નાગર**

**ડૉ. રેખાબહેન મોઢા** — **પ્રા. વર્ષા બી જોષી**

**શ્રી કલ્પનાબહેન જોષી** — **પ્રા. ઋષિભાઈ પંડયા**

**પ્રા. ભરતસિંહ ડોડિયા** — **શ્રી સુરેશભાઈ બી. ગોરસીયા**